ગુજરાત સરકારના કામકાજના નિયમો - ૧૯૯૦ ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડેલ સરકારી કામકાજ સંબંધે સૂચનાઓ પ્રમાણે અધિકારીઓને સત્તાની સોંપણી.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
હુકમ ક્રમાંક :- IMD/MSM/e-file/9/2022/3680/D
સચિવાલય, ગાંધીનગર.
તા. 0 9 MAY 2023

**હુકમ :-**

ગુજરાત સરકારના કામકાજના નિયમો-૧૯૯૦ ના નિયમો-૧૫ હેઠળ બહાર પાડેલી સરકારના કામકાજના સંબંધી સૂચનાઓની સૂચના ૪ (૧) અન્વયે હું બલવંતસિંહ ચંદનસિંહ રાજપુત, મંત્રી(ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ)ને ફાળવવામાં આવેલ વિષયોની યાદીમાંના વિષયોને લગતા કેસો સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કરેલ રજૂઆતની રાહ મુજબ તથા નાણા વિભાગે નક્કી કરેલ નાણાકીય સત્તા સોંપણીના હુકમો મુજબ અને તે સિવાયના કેસો આ હુકમ સાથે જોડેલ પરિશિષ્ટ ૧, ૨, ૩, ૪ અને ૫ માં દર્શાવ્યા પ્રમાણેના સ્તરે નિકાલ કરવાનું આથી ઠરાવું છું.

૨૯/૦૪/૨૩

(બલવંતસિંહ રાજપુત)
મંત્રી (ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ)
ગુજરાત સરકાર

**નકલ રવાના:**

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી ( પત્ર ધ્વારા ), રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર (પત્ર દ્વારા).
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર(પત્ર દ્વારા).
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા) .
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર( વધારાની પાંચ નકલ )
- સચિવાલયના સર્વે વિભાગો.
- ઉદ્યોગ અને ખાણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળના ખાતાના વડાશ્રીઓની કચેરી/બોર્ડ/નિગમ/સંસ્થાઓ.
- ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઇલ.

પરિશિષ્ટ-૧

માન. મંત્રીશ્રી (ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ) સમક્ષ રજૂ કરવાના કેસો

| | |
|---|---|
| ૧. | કાપડ ઉદ્યોગ તથા તેના વિકાસ માટે એપેરલ પાર્કની રચના કરવા બાબત. |
| ૨. | માંદા ઔદ્યોગિક એકમોનો પુન: વસન માટેની નીતિ બાબત. |
| ૩. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન (જી.આઈ.આઈ.સી.) ના એસોસિએટ જોઈન્ટ સેકટરના ડાયરેક્ટર્સ/ ચેરમેનની નિમણૂક અંગેની દરખાસ્ત, ગુજરાત સ્ટેટ ફાઈનાન્સીયલ કોર્પોરેશન, ઈન્ડેક્ષ-બી, સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ (સી.ઈ.ડી.), ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ (જી.આઈ.ડી.બી.), ગીરડા, દહેજ એસ.ઈ.ઝેડ. લિ. તથા ઈ.કયુ.ડી.સી.ને લગતી નિમણુંકો, પર્સોનલ, એડમીનીસ્ટ્રેટીવ, ફાયનાન્સીયલ, નીતિ વિષયક બાબતો. |
| ૪. | બોર્ડ ફોર ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ફાયનાન્શીયલ રિસ્ટ્રક્ચરીંગની નીતિમાં છુટછાટ, નેશનલ લો ટ્રિબ્યુનલ(NCLT)ની નીતિ વિષયક બાબત. |
| ૫. | આંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્રાદેશિક પ્રદર્શન-સહ-સંમેલન કેન્દ્ર સ્થાપવા બાબત. |
| ૬. | ગુજરાત બોર્ડ ફોર ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ફાઈનાન્સીયલ રિકન્સ્ટ્રકશન (જી.બી.આઈ.એફ.આર.)ની નીતિ વિષયક બાબતો. |
| ૭. | વિભાગ હસ્તકના બોર્ડ, નિગમ, કંપનીઓની નવી બાબતોની પૂર્વ બજેટ ચકાસણી અને વહીવટી મંજૂરી |
| ૮. | વિભાગ હસ્તકના બોર્ડ, નિગમ, કંપનીઓના વાર્ષિક વહિવટી, ઓડીટ અહેવાલો વિધાનસભામાં રજૂ કરવાની બાબતો. |
| ૯. | નેશનલ એવોર્ડ ફોર સ્મોલસ્કેલ ઈન્ડસ્ટ્રીઝ અંગેની કમિટીની રચનાના કેસો. |
| ૧૦. | ઉદ્યોગ પ્રભાગના વિધાનસભા પ્રશ્નોના જવાબ બાબત.<br>ઉદ્યોગ પ્રભાગના લોકસભા / રાજ્યસભાના ફક્ત નીતિ વિષયક પ્રશ્નોના જવાબ બાબત. |
| ૧૧. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ તેમજ વર્ગ-૨ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓની ખાતાકીય તપાસ ચાલુ ના હોય કે સરકારી લેણું બાકી ના હોય તેવા કેસોમાં સ્વૈચ્છિક નિવૃત્તિ. |
| ૧૨. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ તેમજ વર્ગ-૨ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓનું રાજીનામું. |
| ૧૩. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણ મેળવતા અધિકારીઓની પ્રતિનિયુક્તિની બાબતો.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના બધા જ પગાર ધોરણ મેળવતા અધિકારીઓની પ્રતિનિયુક્તિની બાબતો. |
| ૧૪. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીઓની ગુજરાત જાહેર સેવા આયોગની ભલામણ અનુસાર સીધી ભરતીથી નિમણુક આપવા અંગે. |
| ૧૫. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના અધિકારીઓનો અજમાયશી સમય પૂર્ણ થતા લાંબાગાળાના ધોરણે વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણના અધિકારીઓને નિમણુક આપવા અંગે.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના બધા જ પગાર ધોરણ મેળવતા અધિકારીઓનો અજમાયશી સમય પૂર્ણ થતા લાંબાગાળાના ધોરણે નિમણુક આપવા અંગે. |
| ૧૬. | ઉદ્યોગ પ્રભાગ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણના અધિકારીઓનો અજમાયશી સમય લંબાવવા અંગે.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના બધા જ પગાર ધોરણ મેળવતા અધિકારીઓનો અજમાયશી સમય લંબાવવા અંગે. |
| ૧૭. | ઉદ્યોગ પ્રભાગ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના તમામ અધિકારીઓની બઢતી માટેની પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર. |
| ૧૮. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીઓની પસંદગી યાદીમાંથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગની અનુમતીની અપેક્ષાએ સુચિત પસંદગી યાદીમાંથી બઢતી. |

| | |
|---|---|
| ૧૯. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીઓની ફોરેન એસાઈમેન્ટ બાબત. |
| ૨૦. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના તમામ અધિકારીઓની બઢતી, બદલી અને નિમણુકના કેસો તથા ફરજ મોકૂફી પરથી પુન:સ્થાપિત કરી નિમણૂક આપવાની બાબતો.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના તમામ અધિકારીઓની બઢતી, બદલી અને નિમણુકના કેસો તથા ફરજ મોકૂફી પરથી પુન:સ્થાપિત કરી નિમણૂક આપવાની બાબતો. |
| ૨૧. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના તમામ અધિકારીઓ અંગેની સંયુક્ત પસંદગી સમિતિની ભલામણોનો અસ્વીકાર.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના તમામ અધિકારીઓની અંગેની સંયુક્ત પસંદગી સમિતિની ભલામણોનો અસ્વીકાર. |
| ૨૨. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણ મેળવતા હોય તેવા અધિકારીઓની ખાતાકીય તપાસ ચાલુ હોય કે સરકારી લેણું બાકી હોય તેવા કેસોની સ્વૈચ્છિક નિવૃતિ બાબત.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના બધા જ પગાર ધોરણ મેળવતા હોય તેવા અધિકારીઓની ખાતાકીય તપાસ ચાલુ હોય કે સરકારી લેણું બાકી હોય તેવા કેસોની સ્વૈચ્છિક નિવૃતિ બાબત. |
| ૨૩. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીઓની પસંદગી યાદી અનુસાર બઢતીથી લાંબી મુદતની પ્રથમ નિમણુક અને પસંદગી યાદી અનુસાર બે મહિનાથી વધુ મુદત માટેની ત્યાર પછીની નિમણુકોસંબધમાં ગુજરાત જાહેર સેવા આયોગની સલાહ અનુસાર સીધી ભરતીથી પ્રથમ નિમણુક બાબત. |
| ૨૪. | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના તમામ અધિકારીઓ સામે ACB દ્વારા માંગવામાં આવતી પ્રાથમિક તપાસની મંજૂરી.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના તમામ અધિકારીઓ સામે ACB દ્વારા માંગવામાં આવતી પ્રાથમિક તપાસની મંજૂરી. |
| ૨૫ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ના અધિકારીઓ સામે શિસ્ત વિષયક કાર્યવાહીના અંતે શિક્ષા નક્કી કરવા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૨/૨૦૦૫ ના ઠરાવથી સૂચિત ચેનલ ઓફ સબમિશન મુજબ. |
| ૨૬ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૨ના અધિકારીઓ સામે શિસ્ત વિષયક કાર્યવાહીના અંતે શિક્ષા નક્કી કરવા બાબત. |
| ૨૭. | ઉદ્યોગ ભવન ખાતે પ્રથમ વખત કચેરી/ સંસ્થાને જગ્યા ફાળવવા બાબત. |
| ૨૮ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના અધિકારીઓની સેવા, નિયત કરેલ શરતો અને બોલીઓ અન્વયે લોન પર આપવા બાબત.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના અધિકારીઓની સેવા, નિયત કરેલ શરતો અને બોલીઓ અન્વયે લોન પર આપવા બાબત. |
| ૨૯ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના ખાતાના તમામ વડાની કચેરીઓ હસ્તકની વર્ગ-૧ સંવર્ગની જગાઓની તબદીલી કરવા બાબત.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ સંવર્ગની જગાઓની તબદીલી કરવા બાબત. |
| ૩૦ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગારધોરણના અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં પ્રતિકૂળ નોંધનો નિર્ણય કરવા અંગેના કેસો.<br>- ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના એમ.એસ.એમ.ઈ. કમિશનરશ્રીની કચેરી સિવાયની ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ ના બધા જ પગારધોરણના અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં પ્રતિકૂળ નોંધનો નિર્ણય કરવા અંગેના કેસો. |
| ૩૧ | ઉદ્યોગ પ્રભાગના વિષયો સંબંધિત કેન્દ્ર સરકારની નીતિવિષયક બાબતો તથા કેન્દ્ર સરકાર સાથે પરામર્શ અંગેના કેસો. |
| ૩૨ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના બોર્ડ/નિગમ/કંપનીના કાયદા/નિયમો મેમોરન્ડમ ઓફ એસોસિએશન અને |

| | |
|---|---|
| | આર્ટિકલ ઓફ એસોસિએશન ઘડવા તથા તેમાં સુધારો કરવા અંગેની બાબતો |
| ૩૩ | ઉદ્યોગ પ્રભાગ હેઠળની સમિતિઓ, બોર્ડની રચના, પુનઃ રચના અંગેના કેસો |
| ૩૪ | ઉદ્યોગ પ્રભાગ હસ્તકના તમામ બોર્ડ, નિગમો કંપનીના બિનસરકારી સભ્યો અને નિયામકોની નિમણૂક બાબત |
| ૩૫ | ઉદ્યોગ પ્રભાગ હસ્તકના બોર્ડ નિગમ કંપનીને શેર કેપિટલ ફાળવવા અથવા લોન આપવા સંબંધિત બાબતો |
| ૩૬ | ભારત સરકારને મંજૂરી માટે મોકલવાની થતી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ બાબત |
| ૩૭ | મંત્રીશ્રીના ધ્યાને મુકવી જરૂરી જણાય તેવી વિધાનસભાના કામકાજને લગતી બાબતો |
| ૩૮ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ના બધા જ પગારધોરણમાં ફરજ બજાવતા અધિકારીઓની ખાલી થયેલ જગાનો વધારાનો હવાલો સોંપવા બાબત. (૩૦ દિવસથી ઓછી રજા સિવાયના કિસ્સામાં) |
| ૩૯ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના તમામ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓની ૫૦-૫૫ વર્ષની વયે સમીક્ષા સમિતિની ભલામણ અન્વયે સેવા ચાલુ રાખવાના કેસો(જયારે ખાતાકીય તપાસ, ફોજદારી કેસ ચાલુ ન હોય કે તેના ખાનગી અહેવાલમાં વિરુધ્ધ નોંધ ન હોય) |
| ૪૦ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળ ખાતાના વડા જાહેર કરવાની દરખાસ્તો |
| ૪૧ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા ને સત્તા સોંપણી કરવા બાબત. |
| ૪૨ | વિભાગ(ખુદ) અને ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૧ સંવર્ગના અધિકારીઓના સૈધ્ધાંતિક જોબ ચાર્ટ નિયત કરવા બાબત તથા તેમાં ફેરફાર કરવા બાબત. |
| ૪૩ | વિભાગ( ખુદ) અને ઉદ્યોગ પ્રભાગના ખાતાના વડાની કચેરીઓમાં સ્ટાફ પેટર્ન, વહીવટી માળખાની રચના અને તેમાં ફેરફારને લગતી બાબતો. |
| ૪૪ | ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા હસ્તક નવી કચેરીઓ મંજુર કરવા અને હયાત કચેરીને અન્યત્ર ખસેડવા બાબત |
| ૪૫ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/કંપનીની કચેરીઓ હસ્તકની સ્થાવર અસ્કયામતો અંગેની બાબતો |
| ૪૬ | તમામ પ્રકારના સાધનો યંત્ર સામગ્રી ખરીદવા તથા નવા ફર્નિચર કે અન્ય ખરીદી કે જેમાં ૫ કરોડ કેતેથી વધુ રકમનો ખર્ચ થનાર હોય. |
| ૪૭ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના તમામ વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના ચાર્જ બાબત (ખાલી જગ્યાઓ માટે) |
| ૪૮ | ઉદ્યોગ સંબંધિત હયાત નીતિ/પોલિસીમાં છૂટછાટ આપવા બાબત અથવા તેમાં ફેરફાર કરવા બાબત. |
| ૪૯ | વિભાગ દ્વારા જારી થતી ઉદ્યોગ સંબંધિત તમામ નીતિ/પોલિસી બાબત. |
| ૫૦ | વિભાગ (ખુદ) ના વર્ગ-૧ ના અધિકારીઓની બદલી, નિમણૂંક અને ખાલી જગ્યાની રજા સિવાયની ચાર્જની બાબત. |
| ૫૧ | પ્રોજેક્ટ/ ઔદ્યોગિક વસાહત માટે ઔદ્યોગિક રોકાણ/ પ્રોજેકટના ઝડપી અમલીકરણ માટેની સમિતિના અધ્યક્ષ તરીકે. |

નોંધ:-

જ્યાં રાજ્ય સરકારના કોઇ વૈધાનિક નિયમો નીચે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી ને ખાતાના વડા તરીકે કોઇ બાબતે નિર્ણય લેવાની સત્તા હોય ત્યાં જે તે સંબંધિત વૈધાનિક નિયમોની જોગવાઇને જ અનુસરવાનું રહેશે. તેમજ સરકારશ્રીની સ્થાયી સુચનાઓ અને નાણાંકિય સત્તા સોંપણીના નિયમ હેઠળ જ્યાં અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રીને સત્તા સોંપાયેલ હશે તે સત્તા પુનઃસોંપણી (Re delegate) કરી શકાશે નહીં, સિવાય કે ઉક્ત નિયમો અંતર્ગત તેવી જોગવાઇ હોય.

પરિશિષ્ટ-૨

માન.રા.ક.મંત્રીશ્રી (લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ) સમક્ષ રજૂ કરવાના કેસો

| | |
|---|---|
| ૧ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ના બધા જ પગાર ધોરણ મેળવતા અધિકારીઓની પ્રતિનિયુક્તિની બાબતો. |
| ૨ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના અધિકારીઓનો અજમાયશી સમય પૂર્ણ થતા લાંબાગાળાના ધોરણે વર્ગ-૨ના બધા જ પગાર ધોરણના અધિકારીઓની નિમણૂક આપવા અંગે. |
| ૩ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ના બધા જ પગાર ધોરણના અધિકારીઓનો અજમાયશી સમય લંબાવવા અંગે. |
| ૪ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ ના તમામ અધિકારીઓની બઢતી, બદલી અને નિમણૂકના કેસો તથા ફરજ મોકૂફી પરથી પુન:સ્થાપિત કરી નિમણૂક આપવાની બાબતો. |
| ૫ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ ના તમામ અધિકારીઓ અંગેની સંયુક્ત પસંદગી સમિતિની ભલામણોનો અસ્વીકાર. |
| ૬ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ના બધા જ પગાર ધોરણ મેળવતા હોય તેવા અધિકારીઓની ખાતાકીય તપાસ ચાલુ હોય કે સરકારી લેણું બાકી હોય તેવા કેસોની સ્વૈચ્છિક નિવૃતિ બાબત. |
| ૭ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ ના તમામ અધિકારીઓ સામે ACB દ્વારા માંગવામાં આવતી પ્રાથમિક તપાસની મંજૂરી. |
| ૮ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ ના અધિકારીઓની સેવા, નિયત કરેલ શરતો અને બોલીઓ અન્વયે લોન પર આપવા બાબત |
| ૯ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ સંવર્ગની જગાઓની તબદીલી કરવા બાબત. |
| ૧૦ | એમ.એસ.એમ.ઈ કમિશનરશ્રીની કચેરીના વર્ગ-૨ ના બધા જ પગારધોરણના અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં પ્રતિકૂળ નોંધનો નિર્ણય કરવા અંગેના કેસો |

## પરિશિષ્ટ–૩

### અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો

| | |
|---|---|
| ૧. | વિભાગ તેમજ વિભાગના નિયંત્રણ હેઠળના વર્ગ-૧નાં અધિકારીઓની પ્રાપ્તરજા, રજા પ્રવાસ રાહત, ચાર્જ–ચાર્જ એલાઉન્સ, વાહન પેશગી, મકાન પેશગી અન્ય પેશગીઓ, ભવિષ્ય નીધિમાંથી પેશગી અને ઉપાડ, પેન્શન, ગ્રેજયુઇટી તેમજ નિવૃત્તિ સમયે મળવાપાત્ર લાભ મંજુર કરવા બાબત તથા તેમને લગતી સર્વે મહેકમની બાબતો. |
| ૨. | વિભાગના વર્ગ-૨ અને વર્ગ-૩ ના કર્મચારીઓને તેમજ ખાતાના વડાના વર્ગ-૧ના અધિકારીઓને સામાન્ય વહીવટ વિભાગ/ નાણા વિભાગના હુકમો મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત. |
| ૩. | વિભાગના વર્ગ-રના અધિકારીઓને શિસ્તભંગના પગલાં, શિક્ષાને લગતા હુકમો કરવા બાબત. સામાન્ય વહીવટ વિભાગના હુકમને આધિન રહીને નોકરીમાં પાછા લેવાની દરખાસ્તો અને દેશની અંદરની લાંબાગાળાની તાલીમની દરખાસ્તો. |
| ૪. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-રના અધિકારીના સબંધમાં ૫૦ થી ૫૫ વર્ષે સમીક્ષા, અપરીપકવ નિવૃત્તિ, ચાલુ રાખવાના કેસો, નિવૃત્તિ અથવા નોકરીમાં ચાલુ રાખવા બાબત. |
| ૫. | વર્ગ- ૧ અને વર્ગ- રના રાજયપત્રિત અધિકારીઓની નોકરીમાં થયેલ તૂટ જોડવા બાબત. |
| ૬. | વિભાગ અને વિભાગના નિયંત્રણ હેઠળના અધિકારીઓ, કર્મચારીઓને પાસપોર્ટ અને વીઝા મેળવવા માટેના ના-વાંધા પ્રમાણપત્ર ( એન.ઓ.સી ) આપવા બાબત. |
| ૭. | વિભાગના અધિકારીઓને તથા ખાતાના વડાઓને નાણા વિભાગનાં આદેશો અનુસાર હવાઇ પ્રવાસની મંજૂરી આપવા બાબત. |
| ૮. | અધિક સચિવ, સંયુકત સચિવ, નાયબ સચિવ તથા ઉપ સચિવના વતન જાહેર કરવાના કેસો. |
| ૯. | અધિકારીઓ તથા શાખાઓને કામની વહેંચણી કરવા બાબત. |
| ૧૦. | વિભાગના અધિકારીઓને રહેઠાણના ટેલિફોન મંજુર કરવા બાબત. |
| ૧૧. | અનામી અને બીજાઓના નામે કરેલ અરજીઓની તપાસ બાબત. |
| ૧૨. | સરકારી વાહનો તથા સામગ્રીના માંડવાળ (રાઇટઓફ) કરવા બાબત. |
| ૧૩. | ઉપાડ અને ચુકવણી અધિકારીઓ જાહેર કરવા બાબત. |
| ૧૪. | જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસોની સમિતિ, ગૌણ વિધાન સમિતિ, અંદાજ સમિતિ, ખાતરી સમિતિ, એ.જી. તરફથી આવતા ડ્રાફટ પારા વગેરેને લગતી બાબતો. |
| ૧૫. | વિધાનસભાના પ્રશ્નો સચિવાલયના બીજા વિભાગને તબદીલ કરવા બાબત.<br>તથા લોકસભાના / રાજ્યસભાના નીતિ વિષયક સિવાયના પ્રશ્નો કે જેમાં ફક્ત માહિતી મોકલવાની હોય. |
| ૧૬. | કચેરીના કામકાજના સમય સિવાયના સમય દરમિયાન અભ્યાસ કરવા અંગેની મંજૂરી બાબત. |
| ૧૭. | બદલીની તારીખથી એક વર્ષ સુધી બદલીના સ્થળે જવા, બદલી થયેલા સરકારી કર્મચારીના કુટુંબ માટે ઠરાવેલી સમય મર્યાદમાં છુટછાટ આપવા બાબત. |
| ૧૮. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ તથા વર્ગ-ર ના અધિકારીઓ દ્વારા વાર્ષિક |

| | |
|---|---|
| | મુલ્યાંકન અહેવાલ પરત્વે રજૂઆત થયેલ હોય ત્યારે CCA તરીકે. |
| ૧૯. | કુટુંબ નિયોજન માટે પ્રોત્સાહન રુપે ઈજાફો મંજુર કરવા બાબત. |
| ૨૦. | નોકરી દરમિયાન મૃત્યું પામનાર કર્મચારીના કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂક કરવા બાબત. |
| ૨૧. | ઈન્ડેક્ષ્ટ-બીની તમામ બાબતો (નીતિ વિષયક બાબતો સિવાય). |
| ૨૨. | સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ(સી.ઈ.ડી.)ની વહિવટી બાબતો. |
| ૨૩. | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ (જી.આઈ.ડી.બી.), ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (જી.આઈ.ડી.સી.), ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન (જી.આઈ.સી.સી.), ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એજન્સી (જી.આઈ.આર.ડી.એ.) ને લગતા વહિવટી પ્રશ્નો બાબત. |
| ૨૪. | સરકારી કર્મચારીઓની વસુલાત માંડવાળ બાબત. |
| ૨૫. | અંદાજપત્ર તૈયાર કરવા બાબત. |
| ૨૬. | બચત સુપ્રત કરવા સંબંધી હુકમ બાબત. |
| ૨૭. | ફંડનો પુર્નવિનિયોગ બાબત. |
| ૨૮. | પુરક માંગણીઓ બાબત. |
| ૨૯. | પ્રકીર્ણ આવર્તક ખર્ચ મંજુર કરવા બાબત. |
| ૩૦. | નવી કચેરીઓ તથા વિધમાન કચેરીઓના વિસ્તરણ માટે રાચરચીલાની ખરીદી મંજુર કરવા બાબત. |
| ૩૧. | દરેક કિસ્સામાં તેના પોતાના ખાતામાં અથવા તાબાની કચેરીઓમાં સ્ટોર્સની વસુલ ન થઈ શકે તેવી કિંમત, જાહેર નાણા વિગેરે માંડવાળ કરવા બાબત. |
| ૩૨. | ખાતાએ તથા તાબાની કચેરીઓએ રાખેલ હોય તેવા તમામ મકાનોમાં નાણાકીય વર્ષમાં રુ. ૨૦,૦૦૦ સુધીની મકાન માલિક પાસેથી ચાર્જ વસુલ કરવામાં આવ્યો ન હોય ત્યારે પોતાના ખાતાએ અથવા તાબાની કચેરીઓએ રાખેલ ભાડાના અને સંપાદિત કરેલા મકાનોની મરામત અને ફેરફાર મંજુર કરવા બાબત. |
| ૩૩. | કાયમી પેશગી મંજુર કરવા બાબત. |
| ૩૪. | વિભાગના વર્ગ- ૩ અને વર્ગ- ૪ ના કર્મચારીઓના સબંધમાં મોટી/નાની શિક્ષા કરવા અથવા આવા બીજા પગલા બાબત. |
| ૩૫. | વિભાગના અધિકારીઓ તરફથી કાયદાકીય બાબતોના અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થાય તો કાયદા વિભાગ સાથે પરામર્શ કરવા બાબત તથા એડવોકેટ જનરલ, એડીશનલ એડવોકેટ જનરલ અને સીનીયર એડવોકેટની કાયદા વિભાગ સાથે પરામર્શ કરી નામ જોગ નિમણુક કરવાની બાબત |
| ૩૬. | રૂ.૫૦,૦૦૦ થી વધુ પણ રૂ. ૧,૦૦,૦૦૦ થી વધુ ન હોય તેવું આવર્તક અને રૂ.૫૦,૦૦૦ થી વધુ પણ રૂ. ૧,૦૦,૦૦૦ થી વધુ ન હોય તેવું અનાવર્તક ખર્ચ. |
| ૩૭. | વિભાગ અને વિભાગ હેઠળની કચેરીઓ માટેની નવી સ્ટાફકાર, વાહનોની ખરીદીની નાણા વિભાગની મંજૂરી માટેની દરખાસ્તો. |
| ૩૮. | વિભાગ હેઠળના નિગમોના વાર્ષિક આયોજન-જોગવાઈ. |
| ૩૯. | રાજય આંતર રાજય, આંતરરાષ્ટ્રિય ટ્રેડ ફેર કે જે આઈસી, રાજય સરકાર અને આઈ.ટી.પી.ઓ. નવી દિલ્હી દ્વારા યોજાતા હોય તેની બાબતો. |

| | |
|---|---|
| ૪૦. | વિભાગનાં નિયંત્રણ હેઠળના તમામ બોર્ડ, નિગમો માટે બજેટ, સીએજી પારા, ઓડીટ પારા, સંસદસભ્યશ્રી/ ધારાસભ્યશ્રી સંદર્ભો. |
| ૪૧. | નિયંત્રણ હેઠળના ખાતાના વડા અને કચેરીઓના વડાની કચેરીઓના નિરીક્ષણ કાર્યક્રમ નક્કી કરવા અંગે. |
| ૪૨. | કુદરતી આપત્તિની નીતિ વિષયક સિવાયની બાબતો. |
| ૪૩. | સરકારી કચેરીઓને ખાસ કિસ્સામાં ખાનગી પ્રેસમાં છાપકામની મંજૂરી આપવા બાબત. |
| ૪૪. | હાઈપાવર /જીઆઈબીપી કમિટિમાં મૂકવાના કેસો. |
| ૪૫. | વિભાગનાં નિયંત્રણ હેઠળના ખાતાનાં વડાની કચેરીઓના વર્ગ-૧ ના તમામ પગાર ધોરણ મેળવતાં અધિકારીઓના કિસ્સામાં ફરજ મોકુફીનો સમયગાળો વિનિયમિત કરવા અંગેના કેસ. |
| ૪૬. | ભરતી નિયમો/ ખાતાકીય પરીક્ષાના નિયમોને સંબંધિત તમામ બાબતો તથા આ નિયમો સંદર્ભે કરવાના થતા નિર્ણયોની સત્તા. |
| ૪૭. | ખાતાના વડાના વર્ગ-૨ ના અધિકારીઓની એક માસથી વધુ સમયની ચાર્જ સોંપણીની બાબતો.(ફક્ત રજાના કિસ્સામાં) |
| ૪૮. | ગુજરાત ઈન્ટીગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક્સ પાર્ક પોલિસી, ૨૦૨૧ સંબંધી આનુષંગિક બાબતો. |
| ૪૯. | તમામ બોર્ડ/નિગમો અંગેના સીએજી પારા/ઓડીટ પારા/બજેટ/માન. સંસદસભ્યશ્રી/માન. ધારાસભ્યશ્રી સંદર્ભ સિવાયની બાબતો. |
| ૫૦. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧,૨ ની કામચલાઉ/આખરી પ્રવરતા યાદી અંગેની બાબતો. |
| ૫૧. | જે કેસોનો નિકાલ કરવા માટે અધિક સચિવ/ સંયુક્ત સચિવ/નાયબ સચિવ અથવા ઉપ સચિવ સક્ષમ ન હોય તેવા કેસો બાબત. |
| ૫૨. | ઉદ્યોગ ભવન ખાતે કચેરી/ સંસ્થાને ફાળવેલ જગ્યા રીન્યુ કરવા બાબત. |

પરિશિષ્ટ-૪

અધિક સચિવશ્રી/સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો.

| | |
|---|---|
| ૧. | વિભાગના નિયંત્રણ હેઠળના બિનરાજયપત્રિત કર્મચારીઓના પેન્શન કેસો તેમજ સામાન્ય નિયમોની અવગણના થતી ન હોય તો વિભાગના રાજયપત્રિત અધિકારીઓના પેન્શન મંજુર કરવા બાબત. |
| ૨ | વિભાગ તેમજ વિભાગના નિયંત્રણ હેઠળના વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની પ્રાપ્ત રજા, રજા પ્રવાસ રાહત, ચાર્જ-ચાર્જ એલાઉન્સ, વાહન પેશગી, મકાન પેશગી, અન્ય પેશગીઓ, ભવિષ્ય નીધિમાંથી પેશગી અને ઉપાડ, પેન્શન, ગ્રેજયુઈટી તેમજ નિવૃત્તિ સમયે મળવાપાત્ર લાભ મંજુર કરવા બાબત તથા તેમને લગતી સર્વે મહેકમની બાબતો. |
| ૩. | વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને ખાસ કિસ્સામાં જનરલ પ્રો.ફંડમાંથી પેશગી- એડવાન્સ તથા અન્ય તહેવારો પર ફેસ્ટીવલ એડવાન્સ મંજુર કરવાની દરખાસ્તો. |
| ૪. | સરકારી કામકાજ માટે મળેલ મિટીંગમાં આપવામાં આવતા ચા, કોફી, નાસ્તાના ખર્ચની મંજુરી. |
| ૫. | વર્ગ- ૧ અને વર્ગ- ૨ના અધિકારીઓની અન્યત્ર નોકરી માટેની અરજીઓ મોકલવા બાબત. |
| ૬. | જૂથ વીમા યોજનાના નાણાની ચૂકવણી કરવા બાબત. |
| ૭. | રુ. ૨૦,૦૦૦ સુધીની કિંમતના ડેડસ્ટોક ઉપયોગમાં ન લઈ શકાય તેવી વસ્તુઓના વેચાણથી અથવા અન્ય રીતે નિકાલ કરવા બાબત. |
| ૮. | ઓડીટ વાંધાઓ અને હિસાબો મેળવવા વગેરે. |
| ૯. | ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને વર્તણૂક) ના નિયમો હેઠળ સરકારને કરેલ વહિવટી અપીલોની સુનાવણી. |
| ૧૦. | વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓની બદલી. |
| ૧૧. | ઉદ્યોગ અને ખાણ વિભાગના બિનરાજયપત્રિત કર્મચારીઓને પ્રતિનિયુકિત પર મોકલવા બાબત. |
| ૧૨. | તાંત્રિક અને બિનતાંત્રિક અધિકારીઓના ડીમ ડેટના આધારે પગાર સ્ટેપ અપ કરવા તથા ઈજાફાની તારીખ એડવાન્સ કરવા અંગેના પગાર ફીકસેશનના કેસો બાબત. |
| ૧૩. | વર્ગ-૨ના અધિકારીઓની અન્યત્ર નોકરી માટેની અરજીઓ મોકલવા બાબત. |
| ૧૪. | વિભાગના વહિવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીના વર્ગ-૧ના અધિકારીઓના ખાનગી અહેવાલ પરત્વે કોઈ રજુઆત ન હોય ત્યારે માત્ર અભિરક્ષા કરવા બાબત. |
| ૧૫. | વિભાગની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા તેમજ કાયમી જગ્યામાં ફેરવવા બાબત. |
| ૧૬. | સરકારી વકીલની નિમણૂક કરવાની વિનંતી કરતી ફાઈલો કાયદા વિભાગને મોકલવાની બાબતો. |
| ૧૭. | વિભાગ માટે સ્ટેશનરીની ખરીદી કરવા બાબત. |
| ૧૮. | વિભાગના વર્ગ-૨ અને વર્ગ-૩ના અધિકારી/કર્મચારીઓને વધારાનો ચાર્જ સંભાળવા માટે ચાર્જ એલાઉન્સ મંજુર કરવા બાબત. |
| ૧૯. | વર્ગ-૨ના અધિકારીઓ માટે ખાતાકીય પરીક્ષા બાબત. |
| ૨૦. | સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ(સી.ઈ.ડી.)ને મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી નાણાની ફાળવણી અંગે. |
| ૨૧. | વર્ગ-૩ના કર્મચારીઓને ૫૫ વર્ષ બાદ નોકરીમાં ચાલુ રાખવાની દરખાસ્તો. |
| ૨૨. | રાજય પત્રિત અધિકારીઓને નોકરી, આવક વગેરે બાબતના પ્રમાણપત્રો આપવા બાબત. |
| ૨૩. | બિન રાજયપત્રિત કર્મચારીઓના પગાર નકકી કરવા બાબત. |
| ૨૪. | વાહન, ઝેરોક્ષ મશીન તેમજ રીસોગ્રાફના મશીનના રીપેરીંગ અંગેની કામગીરી. |
| ૨૫. | પ્રવર્તમાન નિયમોને આધિન રહીને ફી અને માનદ વેતન મંજુર કરવા બાબત. |
| ૨૬. | રૂ.૨૫,૦૦૦ થી વધુ પણ રૂ. ૫૦,૦૦૦ થી વધુ ન હોય તેવું આવર્તક / અનાવર્તક ખર્ચ આવરી લેતી નાણાકીય દરખાસ્તો. |
| ૨૭. | જે કેસોનો નિકાલ કરવા માટે ઉપ.સચિવ સક્ષમ ન હોય તેવા કેસો બાબત. |

પરિશિષ્ટ– ૫

## ઉપ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો.

| | |
|---|---|
| ૧. | ચોથા વર્ગના કર્મચારીઓને લગતી મહેકમની બધી જ બાબતો જેવી કે વિભાગમાં નિમણૂક, બદલીઓ, રજા, પેન્શન વગેરે. |
| ૨. | સેવા અને પગારના નિયમોના અર્થઘટન માટે નાણા વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગને મોકલવાના જરુરી કેસો. |
| ૩. | વિભાગ (ખુદ) ને લગતી મહેકમની અન્ય તમામ બાબતો, જેમાં નાયબ સચિવની મંજુરીની આવશ્યકતા ન હોય. |
| ૪. | રુ.૨૫,૦૦૦ સુધીના મકાન બાંધકામના ખર્ચને વહિવટી મંજૂરી આપવાની દરખાસ્ત નાણા વિભાગના વખતોવખતના નિયમોનુસાર. |
| ૫. | રુ.૨૫,૦૦૦ સુધીના આવર્તક/અનાવર્તક/ખર્ચનો સમાવેશ થતો હોય તે નાણાકીય દરખાસ્ત બાબત. |
| ૬. | વાહન, ટાઈપરાઈટર, કોમ્પ્યુટર, ફર્નિચર વગેરેની નિયમોનુસારની ખરીદી વિગેરેની બાબતો. |
| ૭. | વિભાગના શાખા નિરીક્ષણ કાર્યક્રમ, ટેબલ નિરીક્ષણ કાર્યક્રમ બહાર પાડવા અને તેનો અમલ કરવા અંગે. |
| ૮. | વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીઓની અનામત જગ્યાઓ અંગેની માહિતી મોકલવા બાબત. |
| ૯. | વિભાગ માટે પુસ્તકોની ખરીદી કરવા અંગે. |
| ૧૦. | મુકરર કરેલ નમૂનાના પત્રકો છપાવવા બાબત. |
| ૧૧. | અંદાજપત્રની દરખાસ્તો/પત્રકો/સુધારેલા અંદાજો અને પુરક માંગણી નાણા વિભાગને મોકલવા બાબત. |
| ૧૨. | બિન રાજયપત્રિત કર્મચારીઓને સામાન્ય નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા, હિન્દી પરીક્ષા તથા પ્રાદેશિક ભાષાને લગતી પરીક્ષાઓમાં બેસવા દેવાની પરવાનગી આપવા તથા તેની અન્ય બાબતો. |
| ૧૩. | વર્ગ-૩ના પગાર નક્કી કરવા બાબત તેને સબંધિત લ્હેણી રકમના પગાર અને ભથ્થાની ચુકવણી બાબત. |
| ૧૪. | મુદતી પત્રકો, અન્ય પરચૂરણ બાબતો, લેખન સામગ્રીની વસ્તુઓ અને પત્રકો પુરા પાડવા બાબતના મુદ્રણ અને લેખન સામગ્રીના નિયમ સંગ્રહના અનુક્રમે પરિશિષ્ટ-૩ અને ૧૩ માં અધિકારીઓના નામ ઉમેરવાની બાબત અને તાબાની કચેરીઓમાં તેમજ લેખનસામગ્રીની વસ્તુઓ અને ફોર્મ પુરા પાડવા બાબત. |
| ૧૫. | કર્મચારીઓના ઈજાફા મંજુર કરવા બાબત. |
| ૧૬. | સરકારી કર્મચારીઓના ખાનગી અહેવાલ અને તેને આનુષાંગિક બાબતો. |
| ૧૭. | વર્ગ-૪ના કર્મચારીઓને ધોલાઇ ભથ્થુ, ગરમ કાપડ, સુતરાઉ કાપડ, રેઈનકોટ અને છત્રી તેમજ પોષાક પુરા પાડવા બાબત. |
| ૧૮. | વિભાગના બિન રાજયપત્રિત કર્મચારીઓને નોકરી, આવક, ના- વાંધા પ્રમાણપત્ર આપવા બાબત. |
| ૧૯. | વ્યવસ્થા અને કાર્યરીતી તેમજ વહિવટી સુધારણાને લગતી બાબતો. |
| ૨૦. | હિસાબ મેળવણું કરવા બાબત. |
| ૨૧. | નવી નિમણૂંક કરવામાં આવેલ સરકારી કર્મચારીઓની દાકતરી તપાસ અને પૂર્વ ઈતિહાસ તથા ચારિત્ર અંગે ખરાઈ બાબત. |
| ૨૨. | વિભાગની સ્ટાફ કારની નિભાવણી અને દુરસ્તી માટે રુ. ૨૫,૦૦૦ થી વધુ નહીં તેટલા આવર્તક અને અનાવર્તક ખર્ચને લગતી નાણાકીય દરખાસ્તો બાબત. |
| ૨૩. | ઔધોગિક નીતિ અન્વયે નક્કી થયેલ નીતિની સંબંધિતોને જાણ કરવી. |
| ૨૪. | હાઇ પાવર કમિટિની બેઠક નક્કી થયેથી બોલાવવા અંગેની કાર્યવાહી બાબત. |
| ૨૫. | ઉદ્યોગ કમિશનર, સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ(સી.ઈ.ડી.) અને ઈન્ડેક્ષ્ટ-બી ને સરકારે લીધેલ નિર્ણયની જાણ કરવી. |